અપીલ અરજી નં.૨૮૨,૨૮૩,૨૮૪,૨૮૫ તા.૩૦–૧૧–૦૯/૧૦
અરજદારઃ–શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૬–૯–૦૯ ની અરજીથી મોજે ગામ રાંદેર, સુરત સીટી, જિલ્લો સુરતના રે.સ. નં.૨૪૧ પૈકીની ખેતીની જમીનના મુળ માલિક નિર્મલાબેન ઉર્ફે સુધાબેન શશીકાંત દુધવાલા અને સુરેખાબેન શાંતિલાલ દુધવાલા રાંદેર અડાજણ ટીપી નં.૧૪, ફા.પ્લોટ નં.૮ માં આવેલ દિવ્યપ્રભા કો.ઓ. હા.સો.લિ. વોર્ડ નં.૧ ૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ યાને ૫૩ પ્લોટવાળી ખેતીની જમીન ઉપર આવેલી છે. અપીલ નં.૨૮૨ અને આઈ ડી નં.૨૬૦ સને–૧૯૮૮–૮૯ થી સને–૨૦૦૮–૦૯ સુધીના વેરાબીલની નકલો તથા માલીકી તબદીલના કાગળો પુરાવાઓ વિ. અપીલ નં.૨૮૩આઈ.ડી.નં.૨૫૭ તા.૧૬–૯–૦૯ સને–૧૯૮૮–૮૯ થી સને–૨૦૦૮–૦૯ સુધીના વેરાબીલની નકલો તથા માલીકી તબદીલના કાગળો પુરાવાઓ વિ. અપીલ નં.૨૮૪ આઈ ડી નં.૨૫૮ થી ખેતીની જમીન ઉપર થયેલી સેનીટેશન (ગૃહ મંડળીના સભ્યોના સંડાસ બાથરૂમ, વરસાદ પાણીનો નિકાલ) માટેના પ્લાન મંજુર થયેલ છે? જો ના હોય તો ગૃહ મંડળી બિન અધિકૃત ગણાય? તથા ગંદા વપરાશ અને વરસાદના પાણીના નિકાલ માટે જરૂરી પગલા લીધા છે? વિ. લેખિત માહિતી. અપીલ નં.૨૮૫ આઈ ડી નં.૨૫૯ થી મંજુર કરેલા બાંધકામ અને રસ્તા પ્લાન વિરુધ્ધ કરેલ બાંધકામની કાર્યવાહીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૮૨,૨૮૩,૨૮૪,૨૮૫ /૨૦૦૯–૧૦

શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૬–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલ નં.૨૮૨ પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૭ તા.૪–૧૨–૦૯,અપીલ નં.૨૮૩ પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૯ તા.૪–૧૨–૦૯ અપીલ નં.૨૮૪,પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૦ તા.૪–૧૨–૦૯, અપીલ નં.૨૮૫ પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૮ તા.૪–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ તથા ફી ની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી તા.૧૪–૧૨–૦૯ થી આઈ ડી નં.૨૫૭ થી કરેલ અરજી નમુના–ક ની નકલ, આ.નં.૪૨૭ તા.૪–૧૧–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, દસ્તાવેજ ફી ભર્યાની પહોંચની નકલ, આઈ ડી નં.૨૫૮ થી કરેલ નમુના–ક ની નકલ, વેસ્ટઝોન/આ.નં.૪૩૦ તા.૫–૧૧–૦૯ થી ડે.કલેકટરશ્રી(એન.એ. વિભાગ) સુરતને મુદ્દા નં.૨,૭ અને ૮ ની માહિતી માટે તબદીલ કરેલ પત્રની નકલ, આઈ ડી. નં.૨૫૯ થી કરેલ અરજી નમુના–ક ની નકલ, વેસ્ટઝોન/આ.નં.૩૯૮ તા.૧૬–૧૦–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, આઈ ડી નં.૨૬૦ થી કરેલ અરજી નમુના–ક ની નકલ, વેસ્ટઝોન/આ.નં.૩૮૬ તા.૧૩–૧૦–૦૯ થી દસ્તાવેજી ફી ભરવા માટે લખેલ પત્રની નકલ, વેસ્ટઝોન/આ.નં.૪૨૬ તા.૪–૧૧–૦૯ થી દસ્તાવેજી ફી ભરવા માટે લખેલ પત્રની નકલ વિગેરે માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૬–૯–૦૯ ની અરજીથી મોજે ગામ રાંદેર, સુરત સીટી, જિલ્લો સુરતના રે.સ. નં.૨૪૧ પૈકીની ખેતીની જમીનના મુળ માલિક નિર્મલાબેન ઉર્ફે સુધાબેન શશીકાંત દુધવાલા અને સુરેખાબેન શાંતિલાલ દુધવાલા રાંદેર અડાજણ ટીપી નં.૧૪, ફા.પ્લોટ નં.૮ માં આવેલ દિવ્યપ્રભા કો.ઓ. હા.સો.લિ. વોર્ડ નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ યાને ૫૩ પ્લોટવાળી ખેતીની જમીન ઉપર આવેલી છે. અપીલ નં.૨૮૩આઈ.ડી.નં.૨૫૭ તા.૧૬–૯–૦૯ સને–૧૯૮૮–૮૯ થી સને–૨૦૦૮–૦૯સુધીના વેરાબીલની નકલો તથા માલીકી તબદીલના કાગળો પુરાવાઓ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લિ.ના નામફેર/આકારણી માટે રજૂ કરવામાં આવેલ ઉપલબ્ધ દસ્તાવેજો/તુમારની માહિતી, નકલ ફી ભર્યેથી દસ્તાવેજો/તુમારની નકલ મેળવી લેવા જણાવેલ. જેના અનુસંધાને અરજદાર રસીદ નં.૧૩૫૭૯૬ થી રૂા.૨૧૪/– દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવેલ જણાય છે. અપીલ નં.૨૮૪ આઈ ડી નં.૨૫૮ થી ખેતીની જમીન ઉપર થયેલી સેનીટેશન (ગૃહ મંડળીના સભ્યોના સંડાસ બાથરૂમ, વરસાદ પાણીનો નિકાલ) માટેના પ્લાન મંજુર થયેલ છે? જો ના હોય તો ગૃહ મંડળી બિન અધિકૃત ગણાય? તથા ગંદા વપરાશ અને વરસાદના પાણીના નિકાલ માટે જરૂરી પગલા લીધા છે? વિ. લેખિત માહિતી.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી. અપીલ નં.૨૮૫ આઈ ડી નં.૨૫૯ થી ૧. ખેતીની જમીન ઉપર થયેલી સદર ગૃહ મંડળીની રચના જેમાં થયેલ બાંધકામમાં ઘણા મંજુર થયેલ બાંધકામ વિરુધ્ધ બાંધકામ થયેલ છે જે કયા કારણો અને આધાર ઉપર ચાલુ રહેલ છે તેની માહિતી આધાર સહિત જણાવવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી

તરફથી વોર્ડ નં. ૧૬ રાંદેર રે.સ. નં.૨૪૧ ના બાંધકામનો લે આઉટ પ્લાનની મંજુરી ઈન્વર્ડ નં.૧૦૦૯૬ તા.૨૩–૧૨–૮૧ થી આપવામાં આવેલ છે. જે પ્લાનની નકલના રૂા.૧૦૦/– ભર્યેથી મળી શકશે. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. ૨. ગૃહ મંડળીએ કરેલા બાંધકામમાં કાયદેસર મંજુર થયેલ બાંધકામના આધારે જે તે રસ્તાઓ, કોમન પ્લોટ અને અરસપરસ બાંધકામવાળા યુનીટ સાથે છોડવામાં આવેલી જગ્યાઓ જમીનો અને રસ્તાઓ ઉપર દબાણ કરેલ છે. જે અંગે જે તે ખાતા તરફથી કાર્યવાહી કરવામાં આવેલ છે? ના હોય તો કયા આધારે કરવામાં આવેલ નથી તેના આધાર સહિતની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સોસાયટીના તા.૨૩–૧૨–૮૧ થી મંજુર થયેલ લે આઉટ પ્લાન અન્વયે દબાણ અંગેની સ્પષ્ટતા થયેથી જરૂરી જવાબ કરી શકાય. ૩. ગૃહ મંડળીના સભ્યો અને જાહેર જનતા અને અન્ય સભ્યોને આવવા જવા માટે પડતી અડચણ મુશ્કેલી દુર કરવા અંગે શું કાર્યવાહી કરેલ છે? ના હોય તો કયા આધારે નિયમના કારણે કરેલ નથી તેના આધાર જણાવવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. અરજદારે દસ્તાવેજી ફી રૂા.૧૦૦/– રસીદ નં.૧૫૩૫૧૦ તા.૨૭–૧૦–૦૯ થી ભરી માહિતી મેળવેલ જણાય છે. અપીલ નં.૨૮૨ અને આઈ ડી નં.૨૬૦ થી ટેના નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ કુલ ૫૩ બાંધકામ વાળા પ્લોટની સને–૧૯૮૮–૮૯ થી સને–૨૦૦૮–૦૯ સુધીના વેરાબીલની નકલો તથા માલીકી તબદીલના કાગળો પુરાવાઓ વિ. ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને અગાઉ આરટીઆઈ નં.૧૫૯/૧૬૦ તા.૧૦–૭–૦૯ થી દિવ્યપ્રભા સોસા.ના પાર્ટીસ્ટેટસ આપવામાં આવેલ છે. જેમાં બીલ અંગેની માહિતી આપેલ છે. પાછલા વર્ષના બીલો અને નોટીસો જે તે કરદાતાને પહોંચાડવામાં આવેલ છે અત્રે ઉપલબ્ધ થઈ શકેલ નામફેર/આકારણીના દસ્તાવેજોની નકલ પાના દીઠ ૨ લેખે કુલ રૂા.૨૧૪/– ભર્યેથી માહિતી મળી શકશે. તથા પત્ર નં. વેસ્ટઝોન/આ.નં.૪૨૬ તા.૪–૧૧–૦૯ થી ઉપલબ્ધ થઈ શકેલ પ્લોટ નં.૧૫૩ ના કુલ વેરાબીલની નકલ ફી ના પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૫૮૪/–થાય છે. આમ ભરવાજોગ રૂા.૫૮૪ ની નકલો ફી માંથી રૂા.૨૧૪/– સરભર કરતાં બાકી રહેલ રૂા.૩૭૦/– ભરી વેરાબીલની નકલ આપવા પત્રથી જાણ કરેલ.

અરજદાર ધ્વારા અરજી પશ્ચાત તેમની તા.૪–૧૧–૦૯,૧૧–૧૧–૦૯,૨૪–૧૧–૦૯ ,૭–૧૨–૦૯, ૧૪–૧૨–૦૯, ની વિવિધ અરજીઓથી અપીલ હેઠળની ચાર અરજીઓ બાબતે જાહેર માહિતી અધિકારીના વિવિધ પત્રોના અનુસંધાને નીચેની વિગતે ફી ભરપાઈ કર્યાનું જણાવેલ છે.

| રસીદ નંબર | તારીખ | રકમ |
|---|---|---|
| ૧૫૩૫૦૯ | ૨૭–૧૦–૦૯ | ૪–૦૦ |
| ૧૫૩૫૧૦ | ૨૭–૧૦–૦૯ | ૧૦૦–૦૦ |
| ૧૫૩૫૧૧ | ૨૭–૧૦–૦૯ | ૨૧૪–૦૦ |
| ૬૨૬૮૦૪ | ૧૮–૮–૦૯ | ૫૧૦–૦૦ |
| ૧૩૫૭૯૬ | ૧૫–૧૦–૦૯ | ૨૧૪–૦૦ |

ની દસ્તાવેજ ફી ભરપાઈ કર્યાનું અરજદારે જણાવેલ છે પરંતુ તેની સામે તેમને પૂરતી માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. અરજદારને અપીલ તબકકે સુનાવણી દરમ્યાન તક આપવા છતાં ચારેય અરજી પૈકી કઈ અરજી માટે કઈ બાબતની માહિતી મળેલ નથી તથા તેમણે ભરપાઈ કરેલ ફી સામે કઈ અરજીની કેટલી માહિતી મેળવેલ છે તે સ્પષ્ટ કરી શકયા નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ અરજદારની અરજીઓ સામે ભરપાઈ કરવામાં આવેલી ફી સબબ કઈ અરજીની કેટલી માહિતી માટે ફી ભરપાઈ કરાવેલ છે અને તેની સામે કઈ માહિતીની નકલો પૂરી પાડેલ છે તેવી વિગતો સ્પષ્ટ કરી શકયા નથી તથા વિવાદિત માહિતી પૈકી કોઈ માહિતી કાયદાની કલમ–૮ કે ૧૧ હેઠળના અપવાદમાં આવે છે કે કેમ? અગર નહીં પૂરી પાડેલ માહિતી અંગે વિશેષતઃ આકારણીને લગતી બાબતે માહિતી દફતરે ઉપલબ્ધ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરી શકેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં આઈ ડી. નં.૨૫૭,૨૫૮,૨૫૯ અને ૨૬૦ થી કરેલ અરજીના અનુસંધાને નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી તથા અધૂરી માહિતી મળેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે તા.૮–૧૨–૦૯ ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સુનાવણીમાં હાજર રહેવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૩ તા.૩–૧૨–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર પોતે હાજર રહેલ જેમાં માંગેલ માહિતી મળેલ નથી આકારણી સીધાવેરા, શહેર વિકાસની સને ૧૯૮૮–૮૯ થી ૨૦૦૮–૦૯સુધીની માહિતી તથા જે પ્લાન પાસની જે કાર્યવાહી થઈ છે તેની રેકર્ડની નકલ આપવા, તેની જે કાંઈ ફી થાય તે ભરવા હું રાજી છું. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી હાજર રહી જણાવેલ કે અરજદારને દફતરી ઉપલબ્ધ નકલો આપવામાં આવેલ છે તથા અરજી નં.૨૫૮ થી ૨૬૦ સુધીના ઉપલબ્ધ રેકર્ડના આધારે જવાબો આપવામાં આવેલ છે.

૧. તમામ હકીકત ધ્યાને લેતાં અરજદારે માંગેલ ગૃહ મંડળીની સ્પર્શતા મુદ્દાઓની માહિતી માટે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૫–૧૧–૦૯ ના રોજ તબદીલ કરેલ મુદ્દાઓ પરત્વે અન્ય જાહેર સત્તા મંડળ હોય અત્રેની કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરવાની રહેતી નથી.

૨. અરજદારની આઈ ડી નં.૨૫૯ પ્રશ્ન હેઠળની સોસાયટીમાં મંજુર બાંધકામ વિરુધ્ધના બાંધકામ બાબતે નોંધ લેવા જણાવેલ છે તથા કયા કારણસર ચાલુ રહેલ છે તેવી માહિતી માંગેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ લે આઉટ પ્લાનની નકલ આપવા તૈયારી દર્શાવી ઉપલબ્ધ માહિતી આપેલ જણાય છે. પરંતુ તેના મુદ્દા નં.૨ માં દબાણ બાબતે કચેરીએ કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? તે બાબતે દબાણ અંગેની સ્પષ્ટતા થયેથી જવાબ કરી શકાય તેવી માહિતી આપેલ છે.જે અંગે આ પ્રકારની સ્પષ્ટતા થયેથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવાની થાય.

૩. અરજદારની આઈ ડી નં.૨૫૮ હેઠળની મુદ્દા નં.૩ ગંદા પાણીના નિકાલ અને વરસાદી પાણીના નિકાલ માટે કાર્યવાહી કરેલ છે કે કેમ? તે અંગેની મુદ્દા નં.૫ અને ૬ વસવાટ પરમીશન વગેરેની તથા મુદ્દા નં.૯ ની કોઈ માહિતી આપેલ જણાતી નથી જે આપવા પાત્ર થાય.

૪. અરજદારની આઈ ડી. નં.૨૫૭ તથા ૨૬૦ હેઠળની પ્રશ્ન હેઠળની સોસાયટીની અરજદારે માંગેલ આકારણીને લગતી માહિતી પૈકી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી આનુષાંગિક માહિતી આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આઈ ડી નં.૨૫૭ તથા ૨૬૦ પૈકી આકારણીને લગતી બાકી માહિતી તથા ૨૫૮ પૈકી મુદ્દા નં.૩,૫,૬ તથા ૯ ની માહિતી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન માટે બોલાવી દિન–૭ માં ઉપલબ્ધ દફતરી માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર પાસે દસ્તાવેજી ફી ભરપાઈ કરવામાં આવેલ હોય તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી એન.ડી. કાબરાવાળા